| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧–૦૮–૧૯૯૩ |
| નોંધણી તારીખ | ૨૧–૦૮–૧૯૯૩ |
| ફૈંસલ તારીખ | ૨૦–૦૮–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. ૨૨ માં એડી.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૭, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– ૧૮૬૮/૧૯૯૩

આંક :– ૨૦

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ:–**

**1) RATANSING AMARNATH SHETTI**
Address - DHIRAJ HOUSING BLOCK NO 29337 KHOKHERA,AMRAIWADI,AHMEDABAD

**2) RANJITSINH NARANSINH THAKOR**
Address -KHOKHERA GUJARAT HOUSING BOARD,BLOCK NO 29228 AMRAIWADI,AHMEDABAD

**3) RAMAJI TUKARAM SOLANKI**
Address -HARIPURA KACHA CHAPRA,OPP LALBHAI CENTRE,KHOKHERA,AMRAIWADI,AHMEDABAD

**4) BHAGIBEN WO RATANSINH AMARANATH SHETI**
Address -DHIRAJ HOUSING BLOCK NO 29337 KHOKHERA,AMRAIWADI,AHMEDABAD

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી પી.ડી.પંડયા

આરોપી પક્ષે વિ.વ.શ્રી –

**ગુનો :– ઈ.પી કો. કલમ ૩૨૬,૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪**

**તથા બી.પી.એકટ કમલ ૧૩૫(૧) મુજબ**

**'' જ જ મે ન્ટ ''**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ને ગઈ.તા.૪/૩/૯૩ ના સવાર કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપીઓ પૈકીના આરોપી નં. ૪ એ ફરીયાદીના ઘરેથી ઉઘમાંથી ઉઠાડી તારૂ કામ છે તેમ કહી પોતાના ઘરે લઈ જઈ ઘરની બહાર ઉભોરાખી આરોતી નં.૧,૨,૩ નાઓએ લોંખડની પાઈપ તથા લાકડીઓ તથા તલવાર લઈ આવી ચારેય જણાઓએ ફરીયાદીને કહેલ કે રાત્રે

મોવા રબારીએ અમારા માણસનુ ખુન કરેલ છે. અને તુ અમારી તમામ હકિકત તેઓને આપે છે. તેમ કહી આરોપી નં. ૨ એ પોતાના હાથમાંની લોખંડની પાઈપથી ફરીયાદી બન્ને પગના જાંગતી માડીને પંજા સુધીમાં ફટકોઓ મારી તેમજ આરોપી નં. ૪ નાએ પોતાના પાસે લાકડીથી ફરીયાદી ના પગનાં ભાગે ફટકાઓ મારી મારેલ તેમજ આરોપી નં. ૧ નાએ આ આવી રીતે જેમ તેમ કહી પોતાના પાસેની તલવારથી તલવારના આગળના ભાગેથી ફરીયાદીના ડાબા હાથના બાવડા ઉપર ગોદો મારી ઈજા કરી તેમજ તલવારનો બીજો ઘા મારી જતા ફરીયાદી ડાબા હાથે પકડી લઈ હથેલીના ભાગે અગુંઠા પાસે ઈજા કરી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ શરીરના ભાગે ફેકચરો કરી તેમજ જાનથીમારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી **<u>ઈ.પી કો. કલમ ૩૨૬,૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટ કમલ ૧૩૫(૧) મુજબ</u>** ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ ફરીયાદીએ આપતા સદર ગુનો અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આ કામના આરોપીઓને વારંવાર વોરંટ તથા નોટીસો કરવા છતા તેઓ આજ દીન સુધી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી અથવા મળી આવેલ નથી જેથી સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુબજ તેઓની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવામાં આવે છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે મારી સમક્ષ નીચે મુજબના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવાક</u>**

| | |
|---|---|
| **આંક–૦૬ થી ૦૯** | **ફરીયાદી તથા સાહેદો ને સમન્સ પરત** |
| **આંક–૧૦ થી** | **પંચ સાહેદ લક્ષ્મણજી અમુજી ચાવડા ની સોગંદ પરની જુબાની** |
| **આંક –૧૧ થી** | **પંચનામુ** |
| **આંક–૧૨ થી** | **સાહેદ નં. ૧૦ નો મરણ સર્ટી** |
| **આંક–૧૩ થી ૧૭** | **ફરીયાદી તથા સાહેદ નં. ૬ થી ૯ ને સમન્સ પરત** |
| **આંક–૧૮ થી** | **પી.સી વલ્લભભાઈ ની સોગંદ પરની જુબાની** |
| **આંક–૧૯ થી** | **ફરીયાદ** |

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

**(૪)** આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદોને નામદાર કોર્ટ દ્બારા જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલા છે પરંતુ તેવા સાહેદોને ફરીયાદપક્ષ હાજર રાખી શકેલ નથી. તેમજ આ કામના આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુબજ હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી ને ગઈ.તા.૪/૩/૯૩ ના સવાર કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપીઓ પૈકીના આરોપી નં. ૪ એ ફરીયાદીના ઘરેથી ઉઘમાંથી ઉઠાડી તારૂ કામ છે તેમ કહી પોતાના ઘરે લઈ જઈ ઘરની બહાર ઉભોરાખી આરોતી નં.૧ ,૨,૩ નાઓએ લોંખડની પાઈપ તથા લાકડીઓ તથા તલવાર લઈ આવી ચારેય જણાઓએ ફરીયાદીને કહેલ કે રાત્રે મોવા રબારીએ અમારા માણસનુ ખુન કરેલ છે. અને તુ અમારી તમામ હકિકત તેઓને આપે છે. તેમ કહી આરોપી નં. ૨ એ પોતાના હાથમાંની લોખંડની પાઈપથી ફરીયાદી બન્ને પગના જાંગતી માડીને પંજા સુધીમાં ફટકોઓ મારી તેમજ આરોપી નં. ૪ નાએ પોતાના પાસે લાકડીથી ફરીયાદી ના પગનાં ભાગે ફટકાઓ મારી મારેલ તેમજ આરોપી નં. ૧ નાએ આ આવી રીતે જેમ તેમ કહી પોતાના પાસેની તલવારથી તલવારના આગળના ભાગેથી ફરીયાદીના ડાબા હાથના બાવડા ઉપર ગોદો મારી ઈજા કરી તેમજ તલવારનો બીજો ઘા મારી જતા ફરીયાદી ડાબા હાથે પકડી લઈ હથેલીના ભાગે અગુંઠા પાસે ઈજા કરી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ શરીરના ભાગે ફેકચરો કરી તેમજ જાનથીમારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી **ઈ.પી કો. કલમ ૩૨૬,૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટ કમલ ૧૩૫(૧) મુજબ** ગુનો કરેલ છે.

૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

## કારણો

ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાથી પર પોતાનો કેસ પુરવાર કરવા માટે પોતાના ઠોસ અને મજબુત વ્યાજબી શંકાથી પર પુરાવા રજુ કરવા જોઈએ. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કોઈજ ઠોસ પુરાવા રજુ કરેલ નથી.

આ કામે આંક-૧૦ થી પંચ સાહેદ લક્ષ્મણજી અમુજી ચાવડા ને સોગંદ ઉપર તપાસતા તેઓ પંચનામા ની હકિકત ને સમર્થન કરતા નથી.તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે.

આંક-૧૩ થી પી.સી.વલ્લભભાઈ મગનભાઈ ને સોંગદ ઉપર તપાસતા તેઓ જણાવે છે કે, હુ છેલ્લા બે વર્ષથી અમરાઈવાડી પોસ્ટેમા પીસી તરીકે ફરજ બજાવુ છુ અને ઘણા સમયથી કોર્ટમા એપીપી ઓફીસમા કોર્ટ ડયુટી તરીકે મારી ફરજ બજાવુ છુ મારી ફરજમાં પોસ્ટેમાથી આવતા ચાર્જશીટ લાવવા તથા સમન્સ વોરંટ લાવવા અને લઈ જવા તેમજ એપીપી ઓફીસમા હાજર રહી અસલ પોલીસ પેપર્સ કેસ ચાલે ત્યારે પ્રોસીકયુશન માટે ફાઈલો કાઢવી અને તેની સાચવણી અને જાળવણી કરવાની હોય છે જેથી ચાર્જશીટમા તથા પંચનામામા પોલીસ કર્મચારી તથા અધીકારીની સહીઓથી અને થતી કામગીરીથી માહીતગાર હોઈએ છીએ મને આંક-૦૧ વાળુ ચાર્જશીટ બતાવતા જે અમરાઈવાડી પોસ્ટે ગુ.ર.નં.155/93 થી કરવામા આવેલ

છે. જેમા અમરાઈવાડી પોલીસ સ્ટેશનનો સીકકો અને અધીકારીની સહી છે. મને આ કામની ફરીયાદ બતાવવામા આવે છે. જેમા ફીરીયાદી અમરાઈવાડી પો સ્ટેમા આપેલી છે અને જેમા તેની સહી તથા અમરાઈવાડી પોસ્ટેનો સીકકો છે જે હુ રોજબરોજની કામગીરીમાં તમામ ફાઈલો ચેક કરતા હોઈએ જેથી માંહીતગાર છુ ફરીયાદ રજુ દાખલ આક.૧૭.આપવામા આવે છે

ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે આ કામના શાહેદોને સમન્સ/વોરંટ કરવા છતાં અપુરતા સરનામાના અભાવે અથવા બીજી જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલ હોઈ, અથવા મરણ ગયેલ હોય , એનેકેન પ્રકારે તેઓને ફરીયાદ પક્ષે અથાક પ્રયત્નો કરવા છતા હાજર રખાવી શકેલ નથી જેથી તેઓનો પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદ પક્ષે રજુ રખાવી શકેલ નથી. જેથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાનમા લેવામા આવે તો, તેવી જ રીતે ફરીયાદ પક્ષે અન્ય શાહેદોને તપાસવા માટે અથાક પ્રયત્નો કરેલ હોવા છતાં એક યા બીજા કારણોસર તેઓ મળી આવતાં નહોય અથવા મરણ ગયેલ હોય કે મકાન છોડી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલ હોય તેવા શેરા સાથે શાહેદ સમન્સ/વોરંટો પરત આવતા હોય , ફરીયાદ પક્ષે તેઓનો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ રેકર્ડ ઉપરના પુરાવાથી સદર કામે કોઈ પંચશાહેદોને તપાસવામાં આવેલ હોય કે કોઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ હોય , કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું પણ રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતું નથી. માત્ર ફરીયાદ અને પંચનામા બચાવપક્ષ તર્ફે આંકે પાડવા સંમતી આપેલ છે સદરહુ દસ્તાવેજ ને સાહેદો ને અદાલત સમક્ષ તપાસેલ નથી. જેથી તેઓની જુબાની ની સદરહું ફરીયાદીની હકિકત રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષ ના ફરીયાદી કનુભાઈ ત્રિભોવન દાસ પરમાર ને આંક-૦૬ થી સમન્સ કારતા તેઓ મળી આવેલ નથી તથા આંક-૦૭ થી પંચ સાહેદ દિનેશ કુંદનલાલ શર્મા ને સમન્સ કરતા મળી આવેલ નથી તથા આંક-૦૮ થી પંચ સાહેદ સુરેશ મોહનલાલ મહાજન ને સમન્સ કરતા તેઓના સમન્સ સાથે તેઓનો મરણ નુ સર્ટી રજુ થયેલ છે તથા આંક-૦૯ થી પંચ સાહેદ પ્રકાશ નટવભાઈ પંચાલ ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી તથા આંક-૧૨ થી સાહેદ પરષોતમભાો શંકરલાલ પરમાર ને સમન્સ કરતા તેઓના સમન્સ સાથે તેઓનો મરણ નુ સર્ટી રજુ થયેલ છે તથા ફરીથી આ કામના ફરીયાદી શીલાબેન વા/ઓ સતષ કુમાર સુરેમાનભાઈ પરમાર ને આંક-૧૩ થી સમન્સ કારતા તેઓ મળી આવેલ નથી તથા આંક-૧૪ થી સાહેદ રેબીના બહેન તે જોસફભાઈ ક્રિશ્ચિયન ને સમન્સ કરતા મળી અવોલ નથી આંક-૧૫ થી સાહેદ જયાબેન વા/ઓ ત્રીભોવનભાઈ શંકરભાઈ પરમાર ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી તથા આંક-૧૬

થી સાહેદ મંગુબહેન વા/ઓ ચંદુભાઈ મોહનભાઈ વાઘરી ને સમન્સ કરતા મળી આવેલ નથી તથા આંક–૧૭ થી સાહેદ અજય કુમાર રઘુવીરપ્રસાદ શર્મા ને સમન્સ કરતા મળી આવેલ નથી. આમ વાંરવાર ફરીયાદી તથા સાહેદો તથા પંચ સાહેદો ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી એવા શેરા થી તેઓનો સમન્સ પરત છે. આ કામ ઘણું જુનુ ૧૯૯૩ ની સાલનુ છે. હાલમાં જુના કેસોનો ભરાવો જોતાં અને વખતો વખતો જુના કેસોનો ઝડપી નિકાલ કરવા માટેની નામદાર ઉચ્ચ–અદાલત ધ્વારા કરેલ ઝુબેશ જોતાં પણ સદરહું કામ જુનુ હોય અને સાક્ષીઓ મળી આવતા ના હોય બિનજરૂરી લંબાય છે. આરોપીઓને ઈન્સાફી કાર્યવાહી ઝડપી ચલાવવા માટે નો સંવિધાન ધ્વારા અધિકાર પ્રાપ્ત થયેલ છે ફરીયાદપક્ષના સાક્ષીઓને હાજર રખાવવા માટે અદાલત ધ્વારા પુરતા પ્રયત્ન કરેલ છે . પંરતુ સાહેદો મળી આવેલ નથી. નામ.ઉચ્ચ અદાલત તથા નામ.સર્વોચ અદાલત ધ્વારા જુના કેસો ઝડપથી ચલાવવા માટે નોટીફીકેશન પણ કરેલ અને વી.સી થી સુચનાઓ પણ આપેલ છે ત્યારે ફરીયાદપક્ષે સાહેદો મળી આવતા ન હોઈ બિનનરૂરી રીતે સદર કામ લંબાવવા થી આરોપીના ઝડપી ન્યાયના અધિકારને પણ નુકશાન પહોચે છે. ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી દ્વારા પણ સદરહું કામે પુરાવાનો હક્ક બંધ કરવા માટે મૌખિક સંમતિ આપેલ છે.આરોપી વિરુદ્ધ અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવામાં આરોપી ફરીયાદી લોખંડની પાઈપ તથા લાકડી તથા તલવાર વડે ઈજાઓ કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારીનાખવાની ધમકી આપી ગુનો કરેલ હોય તેવો કોઈ પુરાવો અદાલતનાં રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદપક્ષે રજુ ફરીયાદ અને પંચનામા આંકે પાડવા બચાવપક્ષે સંમતિ આપેલ છે પરંતું, ફરિયાદી, ફરીયાદીની કે સાહેદો કે પંચસાહેદો જુબાનીથી ઉપરોક્ત તમામ દસ્તાવેજોને પુરવાર કરેલ નથી. જેથી તેઓના મૌખિક પુરાવાના અભાવે ઉપરોક્ત દસ્તાવેજોનાં કન્ટેઇન પુરવાર થયેલ નથી. આમ, ઉપરોકત તમામ હકિકતે આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપી તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. જેથી આ કામના ફરીયાદી ને ગઈ.તા.૪/૩/૯૩ ના સવાર કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે આ કામના આરોપીઓ પૈકીના આરોપી નં. ૪ એ ફરીયાદીના ઘરેથી ઉંઘમાંથી ઉઠાડી તારૂ કામ છે તેમ કહી પોતાના ઘરે લઈ જઈ ઘરની બહાર ઉભોરાખી આરોતી નં.૧,૨,૩ નાઓએ લોંખડની પાઈપ તથા લાકડીઓ તથા તલવાર લઈ આવી ચારેય જણાઓએ ફરીયાદીને કહેલ કે રાત્રે મોવા રબારીએ અમારા માણસનુ ખુન કરેલ છે. અને તુ અમારી તમામ હકિકત તેઓને આપે છે. તેમ કહી આરોપી નં. ૨ એ પોતાના

હાથમાંની લોખંડની પાઈપથી ફરીયાદી બન્ને પગના જાંગતી માડીને પંજા સુધીમાં ફટકોઓ મારી તેમજ આરોપી નં. ૪ નાએ પોતાના પાસે લાકડીથી ફરીયાદી ના પગનાં ભાગે ફટકાઓ મારી મારેલ તેમજ આરોપી નં. ૧ નાએ આ આવી રીતે જેમ તેમ કહી પોતાના પાસેની તલવારથી તલવારના આગળના ભાગેથી ફરીયાદીના ડાબા હાથના બાવડા ઉપર ગોદો મારી ઈજા કરી તેમજ તલવારનો બીજો ઘા મારી જતા ફરીયાદી ડાબા હાથે પકડી લઈ હથેલીના ભાગે અગુંઠા પાસે ઈજા કરી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ શરીરના ભાગે ફેકચરો કરી તેમજ જાનથીમારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી **<u>ઈ.પી કો. કલમ ૩૨૬,૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટ કમલ ૧૩૫(૧) મુજબ</u>** સજાને પાત્ર ગુન્હા કરેલા છે કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>'' હુ ક મ ''</u>

(૧) આ કામે આરોપી **1) RATANSING AMARNATH SHETTI 2) RANJITSINH NARANSINH THAKOR3) RAMAJI TUKARAM SOLANKI 4) BHAGIBEN WO RATANSINH AMARANATH SHETI** નાઓને તેમની સામેના **<u>ઈ.પી કો. કલમ ૩૨૬, ૩૨૫, ૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા બી.પી.એકટ કમલ ૧૩૫(૧) મુજબ</u>** ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩ (૬) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામા આવેલ છે.

મુદામાલ અપીલ સમયે વિતીયા પછી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.`

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. 20/08/2024.

(વી. આર. ચૌધરી)
૨૨ માં એડી.ચીફ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.